ISSN: 2319-202X

# ઈશરદાસજી રોહડીયાની ઐતિહાસિક રચના "હાલ ઝાલા રા'કુંડળીયા"

**ડૉ. તીર્થંકરદાન રતુદાનજી રોહડિયા**
ગુજરાતી વિભાગાધ્યક્ષ,સૌરાષ્ટ્ર જ્ઞાનપીઠ આર્ટસ એન્ડ કોમર્સકોલેજ–બરવાળા
Mo. 9428274055 Email:- tirthrohadia@gmail.com

ગુજરાત–રાજસ્થાનચારણ–ચારણી સાહિત્યનાં પર્યાય સમાન છે. આ રાજ્યોમાં ચારણોએ પોતાની નામના મેળવી છે. અન્ય રાજ્યમાં પણ ચારણોનો વસવાટ છે.ગુજરાત – રાજસ્થાનના પોતાના સાહિત્યની સાથે ચારણી સાહિત્ય સમાંતર પ્રાપ્ત થાય છે. ૯મી સદીનાં માવલ સાબાણી દ્વારા રચિત દુહાઓ પ્રાપ્ત થાય છે. આમ ચારણી સાહિત્ય નવમી સદીથી રચાતું આવ્યું છે. જો કે સંશોધકો તો પાંચમી સદીના ચારણી – ડીંગળી શૈલીના દુહાઓ મળ્યાનું જણાવે છે. હેમચંદ્રાચાર્ય રચિત "સિદ્ધ હેમ શબ્દાનુશાસન" ગ્રંથમાં પણચારણી સાહિત્યના દુહાઓ પ્રાપ્ત થાય છે.

ચારણ સમાજમાં ગુજરાત–રાજસ્થાનમાં લોકદેવી, આઈપરંપરા, સંતો, ભક્તો ને સર્જકો જન્મ્યા છે જે ગૌરવ રૂપ બાબત છે. ચારણ આઈઓ આજે અનેક સમાજમાં કુળદેવી તરીકે પૂજાય છે.ચારણ સંતો–ભક્તોને દરેક સમાજ નમન કરી પ્રાર્થે છે. ચારણ સાહિત્યકારોને ચારણ અને ચારણેતર સમાજે સ્વીકાર્યા, માન–સન્માન આપ્યા છે. ચારણની સાથે ચારણી સાહિત્ય જોડાયેલ હોય એ સ્વાભાવિક છે. માવલ સાબાણી, આશાજી રોહડિયા, નરહરદાસ બારહઠ, સૂર્યમલ્લ મિસણ, હરદાસ મિસણ, ગોદડ મહેડુ, દુરશાજી આઢા, કેશરી સિંહ બારહઠ, દુલા કાગ, કવિ દાદ, ભગુભાઈ રોહડિયા, પ્રદિપ દાન ઈશ્રાણી, શક્તિદાન કવીયા, સોહનદાન ચારણ, ભંવરસિંહ સામોર, રતુદાન રોહડિયા વગેરે ચારણી સાહિત્યના સર્જક, સંશોધક, સંગ્રાહક, સંપાદક છે. આજ પણ ચારણી સાહિત્ય આમ સમાજમાં ઝીલાતું આવ્યું છે. અનેક સંતો–ભક્તોએ પણ ચારણી સાહિત્ય રૂપી ગંગામાં પોતાનો પ્રવાહ જોડીને ધન્યતા અનુભવી છે.

**ઈશરદાસ રોહડિયા જીવન – કવન :–**

ચારણ સમાજમાં સંત–ભક્ત, સર્જક તરીકે સુખ્યાત ઈશરદાસજી રોહડીયાનો જન્મ ભાદ્રેશ તા.જી. બાડમેર (રાજસ્થાન)માં વિ.સં. ૧૫૧૫માં થયો હતો. પિતાનું નામ સુરાજી હતું. કાકા આશાજી રોહડિયા સમર્થ કવિ તથા લક્ષ્મણજીનાં પરમ ભક્ત હતા. સંજોગવસાત યુવાનીમાં તેઓ કાકાશ્રી સાથે ગુજરાત આવ્યાને અહીજ રોકાઈ ગયા. ગુજરાત–સૌરાષ્ટ્રને પોતાની કર્મભૂમિ બનાવી. જામનગર રાજ્યના રાજકવિ પદે આજીવન રહ્યા. જામ રાવલ દ્વારા કરોડ પસાવ તથા સચાણા ગામ અર્પણ કરવામાં આવ્યું. આમ ઈશરદાસજીને વિવિધ ૨૪ ગામ પ્રાપ્ત થયેલ. ઈશરદાસજી રોહડિયા ૧૦૭ વર્ષનું આયુષ્ય ભોગવી વિ.સં.

ISSN: 2319-202X

૧૬૨૨ ના રામ નવમીના શુભ દિને પોતાના ઘોડા પર બેસી સમુદ્ર ગમન કરે છે, વૈકુંઠમાં કૃષ્ણ શરણ થાય છે.

ઇશરદાસજી મહારાજના જીવનની જેમ તેમનું સાહિત્ય પણ પ્રાતઃ સ્મરણીય છે. તેમની ૫૦ આસપાસ નાની મોટી રચનાઓ પ્રાપ્ત થાય છે. જેમકે હરિરસ, દેવીયાણ, હાલા ઝાલા રા'કુંડળીયા, નિંદા સ્તુતિ, રાસક્રીલા, ગુણ વૈરાટ, કર્ણ બત્રીસી, ગરુડ પુરાણ, ગુણ આગમ તથા અન્ય નાની–નાની રચના ભજન, કવિતા, ગીત, વગેરે પ્રાપ્ત થાય છે. જેમાંથી મહતમ ભક્તિભાવની, આધ્યાત્મિક રચના છે. સાથે ઐતિહાસિક અને પ્રકીર્ણ રચનાઓ પ્રાપ્ત થાય છે. આમ ચારણી સાહિત્યની ગંગામાં પોતાનો પ્રવાહ વહેતો કરીને ઇશરદાસજીએ આ ગંગાને વેગવંતી બનાવી છે. હવે આપણે ઇશરદાસજી મહારાજની ઐતિહાસિક કૃતિ "હાલા ઝાલા રા'કુંડળિયા"માં રહેલ ઐતિહાસિક તથ્ય તપાસીએ.

**હાલા ઝાલા રા'કુંડળિયા :–**

ઇશરદાસજી મહારાજની યશોદાયી કૃતિ પૈકીની એક 'હાલા ઝાલા રા'કુંડળિયા' છે. જે ભૂમિમાં નેક, ટેક, વચન અને વટ માટે માથા સાવ સસ્તા ગણાતા આવ્યા છે એ સૌરાષ્ટ્રનો ઈતિહાસ વીરતાના રક્ત રંગ વડે રંગાયેલો છે. જેની શાખ ગામડે ગામડે પાદરમાં ઉભેલા પાળીયાઓ પૂરે છે. આ ભૂમિમાં મધ્યકાળે તલવાર કદી મ્યાન થઇ નથી. રણભૂમીનું લોહી કદી સુકાયું નથી અને ક્ષત્રિય કદી ખાટલે પડી બીમારીથી મર્યા નથી.

આમ સૌરાષ્ટ્રનાં ઈતિહાસમાં મધ્યકાળે બે તેજસ્વી નક્ષત્રો–ક્ષાત્રો ધ્રોલ ઠાકોર જસાજી અને ધ્રાંગધ્રા–હળવદના રાજ રાયસિંહજી છે. ધ્રોલ હાલાર(જામનગર) રાજ્યનું ભાગ ગણાય તો ધ્રાંગધ્રા ઝાલાવાડ ગણાય. આમ આ બંનેની વચ્ચે થયેલ લડાઈને કુંડળિયા છંદમાં શબ્દબધ કરી ઇશરદાસજીએ "હાલા ઝાલા રા'કુંડળિયા" પોતાના આ ઐતિહાસિક ગ્રંથનું નામાભિધાન કર્યું.

ધ્રોલ ઠાકોર જસાજી જાડેજાના સગા ભાણેજ હળવદના યુવરાજ રાયસિંહજી થતા. તેઓ થોડા દિવસ મામાને ત્યાં રોકાવા આવ્યા છે. એક દિવસ બંને ચોપાટ રમે છે, એ સમયે નગારા વાગવાનો અવાજ સંભળાય છે. ત્યારે જસાજી માણસો દોડાવી કોણનગારા વગાડે છે ? તે જાણી લાવવા કહે છે. માણસો સમાચાર લાવે છે કે કોઈ મકનભારથી સાધુની જમાત દ્વારકા યાત્રાએ જાય છે. આ સાંભળી જસાજી કહે છે તો વાંધો નહિ. આ જોઈ રાયસિંહ કહે છે કે 'કોઈ રાજવી નગારા વગાડતો હોત તો ?' ઠાકોર જસાજી ગરમ થઇ કહે 'તો એ નગારા ફોડી નાખત'.

અહી નોંધવું ઇચ્છનીય છે કે ત્યારે નગારા રાજા–મહારાજા અને સાધુ–સંતોની જમાત જ વગાડી શકતી. સાધુ–સંતો યાત્રાએ જતા ત્યારે નગારા વગાડતા ક્યારેક સાધુ પણ યુધ્ધે ચડતા. બાકી એક રાજા, બીજા રાજા પર ચડાઈ કરે ત્યારે નગારા વગાડવામાં આવતા. આમ ઠાકોર જસાજીનો જવાબ યોગ્ય છે. આ જવાબથી રાયસિંહને અપમાન જેવું લાગ્યું.

થોડા દિવસ રોકાઈ તે પરત પોતાની ઘરે જાય છે. તેમના પિતાનું અવસાન થતા પોતે યુવરાજ બને છે, ગાદીએ આવે છે. આમ સમય પસાર થાય છે. આ બાજુ દગાથી જામ વિભા જામનગરની ગાદી પર આવે છે. જે કારણે ઠાકોર જસાજીને તેની સાથે અનુકુળ નથી આવતું. આ તકનો લાભ લઇ રાજ રાયસિંહ પોતાનું સૈન્ય લઇ નગારા વગાડતા ધ્રોલનાં પાદર માંથી પસાર થાય છે. ભાણેજ સમજીને ઠાકોર જસાજી જવા દે છે. જામનગર આવી રાયસિંહ જામ વિભાને સમજાવી ધ્રોલ પર હુમલો કરે છે.

**સૈન્યની સંખ્યા**

જામનગર અને હળવદનું સૈન્ય આમ બે રાજ્યના સૈનિકો મળે એટલે સ્વાભાવિક છે કે સૈન્ય મોટું બનવાનું. આ બંને રાજ્યના સૈન્યની સંખ્યા હજારોની હતી જયારે સામે પક્ષે ઠાકોર જસાજીના સૈન્યની સંખ્યા માત્ર ૬૦૦ હતી, છતાં પૂરી મર્દાનગીથી જામ વીભા અને રાજ રાયસિંહની સામે લડ્યા અને ક્ષત્રિયોચિત વીરગતિને પામ્યા.

**યુદ્ધનો સમય**

આ યુદ્ધના સમય અંગે વિવિધ વિદ્વાનોમાં મત મતાન્તરો જોવા મળે છે. કોઈ વિ.સં. ૧૬૩૭ કહે છે, તો કોઈ વિ.સં. ૧૬૨૦ કહે છે. પરંતુ વિવિધ પ્રકારના ક્રોસ વેરીફીકેશન દ્વારા આ યુદ્ધનો સમય વિ. સં. ૧૬૨૦ નિશ્ચિત થાય છે.

**કુંડળિયાનું બંધારણ**

ઈશરદાસજી મહારાજે ઠાકોર જસાજીનાં ગૌરવવંતી વીરગતિના ગાન અર્થે પ્રયોજેલ કુંડળિયા છંદ ડીંગળ સાહિત્યનો છંદ છે. ચારણી સાહિત્યમાં શુદ્ધ, ઝડ ઉલટ, દોહાળ અને રાજવટ કુંડળીયો એ ચાર પ્રકારના કુંડળિયાનો પ્રયોગ થતો આવ્યો છે.

પ્રસ્તુત રચના માટે ઈશરદાસજીએ 'ઝડ ઉલટ કુંડળિયા'નો વિનીયોગ કર્યો છે. આ પ્રકારના કુંડળિયામાં પ્રથમ મોઢીયાનો દુહો હોય છે. પછી શેળાના ચાર ચરણ હોય અને દુહાના પ્રથમ ચરણનું શબ્દાવર્તન કુંડળીયાના અંતિમ ચરણમાં અને દુહાના ચોથા ચરણનું કુંડળિયાના ત્રીજા ચરણમાં આવર્તન થાય છે.

પ્રથમ મોઢીયાનો દુહો હોય છે. તે ચાર ચરણનો હોય છે. તેના ચારેય ચરણ ક્રમશઃ ૧૩–૧૧, ૧૩–૧૧ માત્રાના હોય છે. અને ક્રમશઃ બીજા અને ચોથા ક્રમના ચરણોના પ્રાસ મળે છે. એ પછી શેળાના ચાર ચરણો હોય છે. જે ૨૨ માત્રાના હોય છે અને પ્રત્યેક બબ્બે ચરણોના પ્રાસ મળતા આવે છે. વિરરસની અભિવ્યક્તિ માટે આ છંદ ચારણ કવિઓને બહુ ઉપયોગી થયો છે. પ્રસ્તુત કૃતિ પજ કુંડળિયા છંદ માં ડૉ. તીર્થંકર રોહાડીયાએ સંપાદિત કરી છે.

**ગ્રંથ રચના કારણ**

જયારે જામ વિભાજી અને રાજ રાયસિંહ ધ્રોલ પર ચડી આવ્યા ત્યારે ઠાકોર જસાજીને ખબર હતી કે અમે આ લોકો સામે ટકી નહિ શકિયે એટલે પોતાની ૩ રાણી ઝાલા, ચુડાસમા અને ગોહિલ કુળની હતી, તેમને બોલાવીને કહ્યુકે 'હું સંગ્રામમાં જાવ છું. આટલી

મોટી ફોજ સામે મારું કામ આવી જવું નિશ્ચિત છે તો મારી તમને વિનંતી કે તમારા ૩ માંથી એક રાણી અહી મારી સાથે સતી થાજો તથા ૨ રાણી ઈશરદાસજી રોહડિયા પોતાના વતન ભાદ્રેશ ગયા છે. ત્યાં જઈ આ યુદ્ધનુ તથા મારી વીરગતીનું વર્ણન કરજો ને કહેજો મેં દર્શાવેલ વીરતા પર વિરકાવ્ય રચે એવી મારી ઈચ્છા છે.' રાણીઓએ વચન આપ્યું. એ લડાઈમાં ઠાકોર જસાજી વીરતા પૂર્વક લડીને કામ આવ્યા.

**હાલા ઝાલા રા'કુંડળિયા નો આરંભ–અંત**

ઈશરદાસજી મહારાજ રચિત ઐતિહાસિક ગ્રંથની રચના અતિ સુંદર રીતે થઇ છે. જેના આરંભ અને અંત એટલા જ બળુકા છે. આ રચનાનો આરંભ આ રીતે થાય છે.

"હાલા ઝાલા હોવ્સી, સિહાં લથ્થો બથ્થ; ઘર પૈલા આપણા વસી, કૈ આપણી પરહથ્થ;
કરે ઘર પારકી આપણી પરહથ્થ; કેવીયાં શીશ ખગ પાણ કરણા કચર;
સત્રહરા નારી નહ નીંદ ભરી સોવાસી; હલચલા સહી હાલા ઘરે હોવસ"

(સિંહ સદ્રશ જાડેજા જસાજી અને ઝાલા રાયસિંહ વચ્ચે યુદ્ધ થશે. તેઓ કા તો વેરીઓની પૃથ્વીને પોતાની કરશે, અથવા પોતાની પૃથ્વી શત્રુઓના કબજામા જવા દેશે ? જે વીર શત્રુઓની ભૂમિને પોતાની કરે છે, જે શસ્ત્ર બળ વડે દુશ્મનોના મસ્તકોના ચૂરેચૂરા કરી દેનારા છે. એમના શત્રુઓની પત્નીઓ સુખની નિંદ્રા નહિ લઈ શકે એ નિશ્ચિત છે કે, જાડેજાઓને ત્યાં યુદ્ધની હલચલ થશે.)

જેવો વિરોચિત આરંભ છે તેમ ક્ષત્રિયોને ચારણોચિત બોધ આપતો અંત જુઓ.

"મરદા મરણો હક હૈ, ઉબરસી ગલ્લાહ; સપુરસા રા જીવણા, થોડા હી ભલ્લાહ;
ભલા થોડા જીવીય નામ રાખેભવા; ખેલીયો માર હેમજળ માથે ખવા;
કાલ ચડે જાસો જોય ચંદ નામો કરે; મરદ સાચા જીકે આય અવસર મરે"

(હે વીરો! સંગ્રામમાં મરવું એ તમારો અધિકાર છે. એથી તમે કવિજનોને કંઠે વિરગાથાઓ રૂપ અમર થઈ રહેશો. સાચા શુરવીરો માટે તો અલ્પ જીવન (જુવાનીમાં) યુધ્ધમાં મરણ જ ઉતમ છે. એથી જગતમાં નામ રહી જાય છે કે જેમને પોતાના કાંધ મસ્તક પર શસ્ત્રોના પ્રહાર ઝીલ્યા છે. જસોજીએ સંગ્રામમાં ઉતરી વીરગતી પામીને યાવત ચંદ્ર પોતાનું નામ શાશ્વત કર્યું. સાચો વીર એ છે કે જે અવસર આવ્યે મૃત્યુને સ્વીકારે છે.)

આમ આરંભ અને અંત આપણને આ ગ્રંથનું ઐતિહાસિક મુલ્ય બતાવે છે.

**ઉપસંહાર**

જેની નોંધ ઇતિહાસમાં ઉપર છલ્લી લેવાઈ છે તેવા આ યુદ્ધની ચારણી સાહિત્યમાં યોગ્ય નોંધ લેવામાં આવી છે. ઈશરદાસજી જેવા સંત–ભક્ત સર્જક દ્વારા રચાયેલ ગ્રંથ હોય આ ગ્રંથનું મહત્વ સવાયું બને છે.

**સંદર્ભ**

"હાલા ઝાલા રા' કુંડળિયા", સં. ડૉ. તીર્થંકર રોહડિયા, પ્ર. વર્ષ ૨૦૦૦, પ્રકાશક, ગુજરાતસાહિત્ય અકાદમીના સહયોગ